જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૪/૧૧/૨૦૧૪ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૭૧૨/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી ૨૨૩ લીટર દેશી દારૂ, ૨૮૮ બોટલ ઇગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધાર હેઠળ ૦૨ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮,૬૩૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૭૧૩/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ:-** **સમાચાર યાદી નં.૨૭૧૪/૧૪**

**શહેરકોટડા :** રીન્કુબહેન રાજુભાઇ ઠાકોર (ઉ.વ.૧૪)(રહે.પાનાચંદ જોયતારામની ચાલી, આંબેડકર હોલની પાછળ, સરસપુર) ને તા.૧/૧૧/૧૪ સાંજનાં ૫/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી અજાણી વ્યક્તિ લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી, જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ રીન્કુબહેનના પિતા રાજુભાઇ ઠાકોરે તા.૩/૧૧/૧૪ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.ડી.ગોહીલ ચલાવે છે.

**સરદારનગર :** સાવીત્રીબહેન મથુરભાઇ વણઝારા (ઉ.વ.૧૫)(રહે.કબીરનગર, ખીસ કંપની સામે, નોબલનગર, સરદારનગર) ને તા.૨૩/૧૦/૧૪ સાંજનાં ૭/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ સાવીત્રીબહેનના પિતા મથુરભાઇ વણઝારાએ તા.૩/૧૧/૧૪ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.કે.પટેલ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૭૧૫/૧૪**

**રાણીપ :** કૈલાસબહેન નાગજીભાઇ પરમાર (ઉ.વ.૪૬)(રહે.માધવબાગ સોસાયટી, નિર્ણયનગર, રાણીપ) તા.૩/૧૧/૧૪ સવારનાં ૧૧/૦૦ વાગ્યાના સુમારે રાણીપ જી.એસ.ટી.ફાટક નજીક કાશી વિશ્વનાથ મંદિર આગળથી પસાર થતાં હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૩૫ થી ૪૦ વર્ષના આશરાનાં) કૈલાસબહેનનાં ગળામાં પહેરેલ પેંડલ સાથેનો સોનાનો દોરો કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કૈલાસબહેન પરમારે રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર.પરમાર ચલાવે છે.

**છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૨૭૧૬/૧૪**

**શહેરકોટડા :** ઓમપ્રકાશ રામચંદ્ર કુમાવત (રહે.વોટરવર્કસની સામે, આબકારી એરીયા, આબુરોડ, રાજસ્થાન) એ તા.૩/૧૧/૧૪ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૧૦/૧૪ બપોરનાં કલાક ૩/૪૫ થી ૪/૨૦ વાગ્યા દરમ્યાન પોતે પોતાની ફરજ ઉપર અમદુપુરા, મંડલ રેલવે પ્રબંધક કાર્યાલય ખાતે હાજર હતા દરમ્યાન ઓમપ્રકાશભાઇનાં મોબાઇલ ફોન ઉપર અજાણ્યા ઇસમે ફોન કરી “તમારૂ એ.ટી.એમ. તથા પીન નંબર બ્લોક થઇ ગયુ છે, નવુ એ.ટી.એમ. આપવાનું છે” તેમ કહી અને બાદમાં “તમારા મોબાઇલમાં બેંક એસ.એમ.એસ.ની સુવિધા નથી તો બિજા કોઇનો એ.ટી.એમ.નંબર આપો તેમ કહી ઓમપ્રકાશભાઇને વિશ્વાસ લતાં, ઓમપ્રકાશભાઇએ પ્રથમ તેમનો એ.ટી.એમ. અને પીન નંબર તથા બાદમાં તેમની સાથે કામ કરતાં ગીરીશભાઇનો એ.ટી.એમ.નંબર અને પીન નંબર આપતાં, ગીરીશભાઇ નાઓનાં મણીનગર બ્રાંચની સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાનાં ખાતામાંથી અજાણી વ્યક્તિએ કુલ રૂપિયા ૨૯,૯૦૦/- ની ઓનલાઇન ખરીદી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.જી.ભટ્ટ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૭૧૭/૧૪**

**ઓઢવ :** ભાવનાબહેન મયુરભાઇ પરમાર (ઉ.વ.૨૩)(રહે.બાબુભાઇ રબારીના મકાનમાં, રબારી વસાહત, ઓઢવ) તા.૨/૧૧/૧૪ રાતનાં ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાયમસ ઉપર જમવાનું બનાવતાં હતા દરમ્યાન પ્રાયમસમાં ભડકો થતાં ભાવનાબહેન શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં લઇ ગયા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩/૧૧/૧૪ નાં કલાક ૩/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જી.બારોટ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૭૧૮/૧૪**

**એલીસબ્રીજ :** કેતનભાઇ વિનોદભાઇ રાણા (ઉ.વ.૩૩)(રહે.માતાવાળો ખાંચો, રતનપોળ) એ તા.૩/૧૧/૧૪ બપોરનાં ૧/૪૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે જમાલપુર બ્રીજ નીચે ફુલબજાર પાસે નદીમાં પડી ડુબી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ફતેસિંહ રૂપાભાઇ ચલાવે છે.

**દાણીલીમડા :** ભરતભાઇ માંગીલાલ સરગરા (ઉ.વ.૨૧)(રહે.હેમતાજી મહારાજની ચાલી, ખોડીયારનગર, બહેરામપુરા) એ તા.૩/૧૧/૧૪ નાં કલાક ૧/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે કોઇ કારણસર ઝેરી દવા પી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મગનભાઇ સબળાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.